**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૦૧ માં, અમદાવાદ.**

**ફોજદારી કેસ નંબર:-69397-2023**

<u>ફરીયાદી</u> : શ્રી સરકાર

**:: વિરુધ્ધ ::**

<u>આરોપી</u> : મોહંમદસાહીદ મોહંમદજીમેદાર શેખ

**ગુનો:–<u>ગુજરાત નશાબંધી ધારાની કલમ–૬૬(૧)(બી) મુજબ.</u>**

(૧) આજ રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં મુખ્ય મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ના કચેરી આદેશ મુજબ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીંટીગનું આયોજન કરવામાં આવેલ છે. આ કેસમાં આરોપીએ હાજર થઈ ગુનાની કબુલાત અંગે પુરશીસ રજુ કરતા સદર કેસ હાથ ઉપર લેવામાં આવેલ છે. જે મુજબ ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની <u>કલમ–૬૬(૧)(બી)</u>અન્વયે ગુનો દાખલ કરી ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે અને તે અન્વયે કોર્ટે આરોપીને સમન્સ કરેલ હતો અને આરોપી હાજર થતા પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ હતી.પોલીસે દાખલ કરેલ ચાર્જશીટ તથા સાધનીક કાગળો ધ્યાન સમક્ષ રાખી આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહીબીશન અધિનિયમની <u>કલમ–૬૬(૧)(બી)</u> મુજબના ગુન્હાનું તહોમત ફરમાવવામાં આવેલ છે અને આરોપી ની પ્લી રેકર્ડ કરતા તેઓએ સ્વચ્છાએ ગુનો કબુલ હોવાનુ જાહેર કરેલ છે તથા કબુલાત પુરસીસ અલગથી રજુ કરેલ છે જેમાં તેઓએ જાહેર કરેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ સામાન્ય અને ગરીબ વર્ગના ઈસમ છે, તેઓનો કોઈ સ્થિર ધંધો નથી, છુટક મજુરી કામ કરે છે અને મજુરી પણ રોજ મળતી નથી જેથી તેઓ પોતાનું તેમજ પોતાના કુટુંબનું ગુજરાન કરી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી અને આર્થિક પરીસ્થિતિ ખરાબ હોવાને કારણે હાલનો ગુનો થઈ ગયેલ છે.

(૨) આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૩) તમામ રેકર્ડ ઉપરની હકીકતો લક્ષ્યમાં આરોપી વગર પાસ કે પરમીટે દારુ પીધેલી હાલતમાં મળી આવ્યાનો આક્ષેપ છે. આરોપી સામે અગાઉ આવો કોઈ ગુનો નોધાયેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આરોપીની અગાઉ કોઈ ગુનામા સજા થયેલ હોય તેવુ પણ ચાર્જશીટમા જણાવેલ નથી. આરોપી ગુનાહીત ઈતીહાસ ધરાવતા હોય તેવુ જાહેર થયેલ નથી. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામના ફરીયાદી, સરકારી અમલદાર સાહેદ,પંચો, સરકારી અધિકારી, અને સરકારી અધિકારી ત.ક.અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ પર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાન સમયમાં કોર્ટમાં પેન્ડિંગ કેસોની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષ્યમાં લેતા ટુંક સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને કેસ ફેંસલ થવાની સંભાવના નહિંવત છે. આરોપીનો સમય, ફરીયાદપક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય ને ટ્રાયલને અંતે આરોપી કસૂરવાન ઠરે ત્યારે સજા અંગે ન્યાયિક હુકમ કરવામા આવે, તેના

બદલે જો આરોપી  હાલનો ગુનો કબુલે છે ત્યારે તેઓની ગુના કબુલાત સંદર્ભે રજુ કરેલ હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં સદઉપયોગ કરી શકાય તેમ હોઈ તેમજ આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતા હોય ત્યારે રેકર્ડ પર આવેલ તમામ હકીકતો અને તમામ પરીસ્થિતિને ઘ્યાનમાં લઈ તેમજ આ કામે લઘુતમ સજા નકકી થયેલ નથી ત્યારે નામદાર ગુજરાત વડી અદાલતે ***ગુજરાત સરકાર વિરૂદઘ નટવર હરચંદજી ઠાકોર, ર૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯*** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોઈ, ઉપરોકત સંજોગો ઘ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામા આવે છે:

**– : હુ ક મ : –**

**(૧)** ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–રપર અન્વયે આ કામના આરોપીને તકસીરવાન ઠરાવી ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી)મુજબના ગુના બદલ કોર્ટ ઉઠતાં સુધીની સજા તથા પ્રત્યેક આરોપી ને રુપિયા  ૧૦૦/–  (અંકે રુપિયા સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૦૫ (પાંચ) ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(ર)** કિમતી  મુદ્દામાલ  બાબતે કોઈ વચગાળાની કસ્ટડીનો હુકમ કરેલ હોય તો તેને કાયમ કરવામાં આવે છે. જો કિમતી મુદ્દામાલ બાબતે કોઈ હુકમ કરવામાં આવેલ ના હોય તો તે બાબતે અલગથી ઈન્કવાયરી કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૯/૧૨/૨૦૨૩**
**સ્પે.સીટીંગ,અમદાવાદ.**

**(શ્રી બી.પી મહીડા)**
**કોડ નં.–૦૧૧રર**
**એડિ.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૧, અમદાવાદ.**